

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*શ્રી બિસ્મિલાની ચાર શહેનાઈ ચોર ચોરી ગયા!*
*સંગીત પ્રેમીના હૃદયની ધોરીનસ કોરી ગયા!*
*ચાંતરી ગયા સૂર એમને દેખાઈ માત્ર ચાંદી -*
*વ્હોરી લીધા નિશ્વાસ, મંગલ વાદ્ય ના વેરી થયા!*

**હાઈકુ**

*સરકારનું -,*
*મળે છે પ્રોત્સાહન -*
*કરો દબાણ...*
*(કાયદેસર કરી આપશે)*

*થઈ ગ્યો ધંધો!*
*બેન્કવાળા નો પણ -*
*વેંચાય નોટો...*
*(હવે બેન્કમાં પહોંચ્યું કૌભાંડ)*

### ચિંતન

***શ્રેષ્ઠતમાં મન્ત્રગુપ્તિમાહુ:***

ઉપરોક્ત શ્લોક ચાણકયનીતિમાંથી લેવામાં આવેલ છે.

મંત્રણાની ગોપનીયતા શ્રેષ્ઠત્તમ કહેવાય છે. મંત્રણા દ્વારા જ રાજા અને મંત્રીઓ રાજય વહીવટ ચલાવે છે અને તેનાથી જ દેશની રક્ષા થાય છે. આથી રાષ્ટ્રની સુરક્ષા માટે મંત્રણાને ગુપ્ત રાખવી એ જ શ્રેષ્ઠત્તમ માર્ગ છે.

આજકાલ તો પરીક્ષાના પેપર - પરિણામ - ફૂટી જાય છે, સરકારી બજેટ - મંત્રણા - નિર્ણયો પણ ફૂટી જાય છે. સુરક્ષા ખાતાંનાં ગુપ્ત રહસ્યો પણ ફૂટેલા કર્મચારીઓ દ્વારા વેંચાઈ જાય છે.

'નોટબંધી' જેવો અતિ મહત્ત્વ અને ગંભીર નિર્ણય પણ સત્તાધારી પક્ષને ગુનાઈત પાંજરામાં ઉભા રાખી દે છે. રાજય - દેશના વહીવટમાં 'ગુપ્તતા' નું મહત્ત્વ છે. આપણે ત્યાં તો ઢોરવાડા માટે પશુ પકડવાનાં હોય કે દબાણ હટાવવા આવવાના હોય તો ગુન્હેગારો 'જાગૃત' જ હોય છે. પછી સરકાર - નિયમો કાયદા કયાંથી કામ કરે?!

### સુવિચાર

- જે વ્યક્તિ પોતાના કર્મો બીજાના કલ્યાણને ધ્યાનમાં રાખીને કરશે તેનું જીવન પણ કલ્યાણમય બનશે - **ફુલછાબ**
- જે વ્યક્તિ પાણીમાં ડૂબે તો એનું મૃત્યુ થાય પણ જે ઈર્ષામાં ડૂબે, એ ના તો જીવી શકે કે ના મરી શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- સુખ-દુ:ખના સરવાળા માટે જિંદગી નથી, જિંદગી તો છે - અંધારામાં અજવાળા કરવા માટે - **વજુ કોટક**
- કણ અને ક્ષણની જેને કિંમત છે તેને મણ જેટલું સુખ મળે છે - **જનકલ્યાણ**
- કાચ ઉપર 'પારો' ચડાવો તો 'અરીસો' બની જાય છે અને કોઈને 'અરીસો' દેખાડો તો 'પારો' ચડી જાય છે - **અમૃતબિંદુ**
- સફળતાનું બેરોમીટર ન હોય, સંતોષ આપે એ જ સાચી સફળતા - **વોલ્સ વેટલર**
- આજનું ઔષધ : કાંદાને ઘીમાં સાંતળી તેની પોટીસ ઘા, ગાંઠ, ગુમડા પર બાંધવાથી ફાયદો થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

વ્યસન અને વાસનાથી માણસનું શરીર ખોખલું અને શક્તિહીન થઈ જાય છે. સંચય અને બ્રહ્મચર્ય બુદ્ધિ-બળ આપે છે.

સ્વામી દયાનંદ સરસ્વતીને લશ્કરના એક નિવૃત્ત અધિકારી એ સમયની મોટરગાડી લઈને મળવા આવ્યા - આધ્યાત્મિક ચર્ચા દરમિયાન પેલા સેનાઅધિકારીની દારૂની વ્યસન અને વાસની વાત નિકળી.

પેલા સાહેબે પણ વિવાદના જુસ્સા અને ગુસ્સામાં કહી દીધું - તમે બ્રહ્મચર્યની વાત કરો તો છો પણ એનું તે જ કે બળ તમારામાં કયાંક દેખાતું તો નથી! થોડી ચર્ચા પછી - પેલા સાહેબ વિદાય થયા - ગાડીમાં બેઠા - ગાડી ચાલુ કરી.

પણ ગાડી ગાડી જગ્યા પરથી જરા પણ ખસી જ નહીં આગળનાં પૈડાં ફરવા લાગ્યાં - સરદારને આશ્ચર્ય થયું પાછળ જોયું તો ખબર પડી કે સ્વામીજીએ પાછળથી ગાડી પકડી રાખી હતી - સ્વામીજીએ કહ્યું, કેમ, સાહેબ - બ્રહ્મચર્યનું બળ દેખાયું?!

પેલા સાહેબે સ્વામીજીની માફી માગી અને વિદાય થયા.

# ૫૦ દિવસના વચન વચ્ચે 'નિવેદનો'માં અટવાતી પ્રજા

વડાપ્રધાન બન્યા બાદ પ્રથમ વખત ડીસા પહોંચેલા વડાપ્રધાને શનિવારે દેશને સંબોધન કરતાં પુનઃ ૫૦ દિવસની સમયમર્યાદાને તાજી કરાવી છે. તકલીફો છે એ બાબતનો સ્વીકાર એમણે કર્યો, પરંતુ એ તકલીફો હવે બહુ દિવસો રહેવાની નથી એમ કહી દેશવાસીઓને આશ્વાસન તો એમણે આપી દીધું. અલબત્ત, આ આશ્વાસન કેટલું સાચું છે એ તો સમય જ બતાવશે પરંતુ ડિમૉનિટાઈઝેશના આ આખાય ઘટનાક્રમમાં સુપ્રિમ કૉર્ટનું તાજું નિવેદન પણ ધ્યાનમાં લેવા જેવું છે.

સુપ્રિમે સરકારને સ્પષ્ટ જણાવ્યું છે કે જો સરકારે લોકોને બૅન્કમાંથી સાપ્તાહિક રૂપિયા ૨૪ હજારની મર્યાદામાં રોકડ ઉપાડવાનું વચન આપ્યું છે તો તેણે આ વચન પાળી બતાવવું જોઈએ અને તે માટે વ્યવસ્થા ગોઠવવી જોઈએ. અગર રોકડની અછત પ્રવર્તી રહે છે તો સરકાર રૂપિયા ૧૦ હજારની મર્યાદા કેમ લાદતી નથી?

અલબત્ત, સુપ્રિમે તો એમ પણ કહ્યું છે કે નોટબંધીની નીતિ કોણે બનાવી છે? શું નોટબંધીનો નિર્ણય અત્યંત ગુપ્તતા સાથે લેવાયો હતો? નોટબંધીની નીતિ અમલી બનાવવા પાછળ કેન્દ્ર સરકારનો તર્ક શું છે? અને નાગરિકોને સાપ્તાહિક રૂપિયા ૨૪ હજાર ઉપાડવા દેવાના સરકારના આદેશોનું પાલન કેમ કરાતું નથી?

અલબત્ત, સુપ્રિમ કૉર્ટમાં સરકાર વતી બોલતાં વકિલે એવો ખુલાસો આપ્યો હતો કે સરકાર કશું કર્યા વિના બેસી રહી છે એવું નથી. ૧૦-૧૫ દિવસમાં તમામ સમસ્યા દૂર થઈ જશે ને સ્થિતિ સામાન્ય બની જશે.

શનિવારે ડીસાથી વડાપ્રધાને આ જ વાત દોહરાવી એટલે એમના ચાહકોએ તો વાતને વધાવી લીધી પણ હકીકતે દિવસો સામાન્ય થતાં વાર લાગશે એવી વાત તો મનમોહન સિંહે પણ હવે કરી છે.

૫૦૦ અને ૧૦૦૦ની જૂની નોટ ચલણમાંથી રદ કરવાના નિર્ણયને ભયાનક કરૂણાંતિકા ગણાવતાં પૂર્વ વડાપ્રધાન અને કાબેલ અર્થશાસ્ત્રી સિંહે એક અંગ્રેજી અખબારમાં લખેલા આર્ટિકલના માધ્યમથી જણાવ્યું છે કે મોદીના આ નિર્ણયે એક અબજ કરતાં વધુ ભારતીયના આત્મવિશ્વાસનો નાશ કર્યો છે.

તેમણે નોટબંધીના કારણે જીડીપી અને રોજગારસર્જન પર થનારી અસરો પણ ચેતવણી આપતાં જણાવ્યું છે કે આગામી મહિનાઓમાં આકરો સમય આવી રહ્યો છે, દેશ તેના માટે તૈયાર રહે. મોદીનો નિર્ણય પ્રામાણિક ભારતીયોને ગંભીર ઈજા કરશે, જ્યારે કાળું નાણું ધરાવનારા નજીવી હાનિ સાથે છટકી જશે.

ઉલ્લેખનીય છે કે ૨૪મી નવેમ્બરે મનમોહનસિંહે રાજ્યસભામાં નોટબંધીના નિર્ણયને સુઆયોજિત લૂંટ ગણાવ્યો હતો.

દેશ માટે કપરા ચાલી રહેલા એવા આ ૫૦ દિવસો દરમ્યાન વડાપ્રધાનના પક્ષે સબળ પાસું એ છે કે એમનો સામાન્ય માણસોને યોગ્ય લાગી રહ્યો છે. દેશના સામાન્ય નાગરિકો આજે એમની આંખે

**તંત્રીસ્થાનેથી...**

પરિસ્થિતિને જોઈ રહ્યા છે ને એ કારણે એમના પરનો વિશ્વાસ હજુ ડગ્યો નથી. પરંતુ આ જ બાબત વડાપ્રધાન માટે ગંભીર છે. ૫૦ દિવસ પછી બીજા ૫૦ દિવસ માગશે તો નાગરિકો આપી પણ દેશે, પરંતુ એ પછીની સ્થિતિ ન માત્ર વડાપ્રધાન માટે પરંતુ ભાજપ માટેય ગંભીર બની જશે એ વડાપ્રધાને સમજવા જેવું છે.

# બાળકના શિક્ષણનું માધ્યમ કઈ ભાષામાં...




**નવોદિત કલમ**
**કાનન ઓઝા**

બાળકના શિક્ષણનું માધ્યમ કઈ ભાષામાં હોવું જોઈએ એ વર્ષોથી ચર્ચાનો વિષય રહ્યો છે. બદલાતા સમય સાથે અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણનો આગ્રહ પણ વધ્યો છે. અંગ્રેજી ભાષા અને તેનો ઉપયોગ અનિવાર્ય પણે જરૂરી છે. જેમાં શંકાને સ્થાન નથી, પરંતુ માતૃભાષામાં મળેલું પ્રાથમિક શિક્ષણ બાળક માટે સુવિધાપૂર્ણ અને હૂંફભર્યું બની રહે છે.

અંગ્રેજી માધ્યમમાં નહિ મૂકવાથી બાળક સમાજમાં અને વ્યવહારમાં પાછું પડશે એવી ભીતિ મોટાભાગના વાલીઓમાં જણાય છે અને અંગ્રેજી માધ્યમમાં મૂક્યા પછી બાળક અંગ્રેજી ભાષાનો માહેર બની જશે તેવા ભ્રામક ખ્યાલમાં માતા-પિતા રાચતા હોય છે. માતા-પિતા આ ઉંમરનાં બાળકો સાથે વ્યવહારમાં અંગ્રેજી શબ્દોનો ઉપયોગ કરવાનો વધુ આગ્રહ રાખે છે. પૂર્ણ રૂપે અંગ્રેજી બોલવું એ તો વાલીના હાથમાં પણ નથી હોતું. 'બેટા ક્યૂ કરી ખાઓ', 'બેટા રન ના કર', 'નહિંતર ફોલ થઈ જઈશ.' જેવી ભાષાઓ પોતાના બાળકને માતૃભાષાથી તો દૂર કરે છે. સાથે-સાથે અધકચરી અંગ્રેજી ભાષાની તાલીમ આપે છે.

આમ, ભાષાની બાબતમાં બાળકને ઉપરછલ્લું જ્ઞાન મેળવવાની આદત પડી જાય છે. તે રોજબરોજના જીવનમાં અધકચરી ભાષા વાપરતું થઈ જાય છે. બાળક જયારે પુખ્તવયે સમાજમાં પગ મૂકે છે. ત્યારે ભાષાઓ ઉપરનું ઓછું અથવા નહિવત્ પ્રભુત્વ તેનાં પર વ્યક્તિત્વની ઉણપ જ ગણાય છે. અજાણી વ્યક્તિ સાથે અંગ્રેજીમાં વાતની શરુઆત કરવાથી જ પોતાની સભ્યતા પુરવાર થઈ શકશે. ભાષાની કરુણતાભરી સ્થિતિ ગુજરાતમાં વધુ પ્રવર્તે છે. બે બંગાળી બાષી વ્યક્તિઓ અજાણ્યા સ્થળે કે જાણીતી સભામાં મળે ત્યારે ગર્વભેર બંગાળી ભાષામાં વાત કરતા જોઈએ છીએ. મરાઠી ભાષી વ્યક્તિ મરાઠી ભાષામાં વાત કરશે. પરંતુ બે ગુજરાતી વ્યક્તિઓ સભ્યતાના ભાર નીચે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરતાં જોઈએ છીએ. એ પણ કામચલાઉ અંગ્રેજી ભાષા - પોતાની માતૃભાષા વિશે ગૌરવ ન ધરાવતાં માતાપિતા બાળકને ઝાઝું આપી શકતા નથી.

માતૃભાષામાં ભણતાં બાળકને અંગ્રેજી ભાષાનો મહાવરો આપવો એ માતા-પિતાના હાથમાં છે. તેમાં માધ્યમ બાધારૂપ ન નીવડી શકે.

અંગ્રેજી બોલવામાં જો ભૂલ થાય કે અંગ્રેજી શબ્દ વાંચવામાં તકલીફ પડે તો શરમજનક બાબત સાબિત થાય. પરંતુ જયારે માતૃભાષા વાંચતા નથી આવડતી કે ભાષાનાં શબ્દો નથી જાણતા તેને ગૌરવભરી વાત ગણવામાં આવે છે.

પોતાની ક્ષમતા, વાતાવરણ અને બાળકના હિતને ધ્યાનમાં રાખીને પોતાના બાળકનું શિક્ષણનું માધ્યમ નક્કી કરવું જોઈએ.



# ગુજરાતી રંગભૂમિ-ચિત્રપટના મહાનાયક ઉપેન્દ્ર ત્રિવેદી લોકોના હદયમાં હંમેશાં ધબકતા રહેશે



અભિનય અને સિનેમા આમ જોઈએ તો ઉપેન્દ્ર જન્મજાત કલાકાર હતા. એમણે કલાને જેટલી આત્મસાત કરેલી એટલા જ આત્મસાત કલાએ એમને કરેલા. અને એટલે જ કલાને સમર્પિત, કલા પ્રત્યેની પૂર્ણ નિષ્ઠાને કારણે કલાજગતમાં એમના માટે અનેક નવી દિશાઓ ખૂલતી જતી હતી. અભિનય સમ્રાટના શિખર સુધી પહોંચતા તેમણે થોડી ગુજરાતી ફિલ્મોમાં નાના મોટા પાત્રનો અભિનય પણ કરેલો પરંતુ ઈ.સ. ૧૯૭૧માં મુખ્ય અભિનેતાના રૂપમાં એમની પહેલી ફિલ્મ "જેસલ તોરલ" આવે છે. અને ગુજરાતી ફિલ્મનો નવો ઈતિહાસ સુવર્ણાક્ષરે લખાવવાનો પ્રારંભ થાય છે. આ અગાઉ 'કાદુ મકરાણી' ફિલ્મમાં સાવ નાનો રોલ, 'મહેંદી રંગ લાગ્યો' માં સહેજ વધુ સારો રોલ, અને 'જોગીદાસ ખુમાણ'માં સહઅભિનેતાના રૂપમાં કામ કરી ચૂક્યા હતા. પણ 'જેસલ તોરલ'થી ઉપેન્દ્ર ત્રિવેદીએ ગુજરાતી ફિલ્મની દિશા બદલી નાખી. અને પછી " રાજા ભરથરી, રાણકદેવી અને હોથલ પદમણી " જેવી ફિલ્મોએ ઉપેન્દ્ર ત્રિવેદીને ગુજરાતી ફિલ્મના સુપર સ્ટાર પદે સ્થાપી દીધા, અને ત્યાર બાદ ગુજરાતની પ્રાદેશિક કથાઓ, નવલકથાઓ લઈને ઉપેન્દ્રભાઈએ " ભાદર તારા વહેતા પાણી, માલવપતિ મુંજ, રા'નવઘણ, સંતુ રંગીલી, વીર માંગડાવાળો, સોન કંસારી, મનનો માણીગર, પાતળી પરમાર, વેરની વસૂલાત, નવરંગ ચૂંદડી, સોરઠની પદમણી, શેઠ જગડુશા, વાંસળી વાગી વાલમની, મચ્છુ તારા વહેતા પાણી, ભાદરને કાંઠે, માનવીની ભવાઈ ..... જેવી અનેક ઉત્તમ ફિલ્મો દ્વારા ઉપેન્દ્ર ત્રિવેદી આબાલવૃદ્ધ સૌના હદયમાં સદીના શ્રેષ્ઠ લોકનાયક રૂપે પ્રસ્થાપિત થઈ જાય છે. ગુજરાતી ફિલ્મ એટલે "ગામડું, ગરબા અને ગોકિરો "ની જે ઓળખ હતી તે ઉપેન્દ્રભાઈએ મૂળમાંથી બદલીને લોકવેદના, શૌર્ય, ત્યાગ, બલિદાન અને સંસ્કારોની જ્યોત જલતી રાખનાર માધ્યમરૂપે નવી ઓળખ આપી. ગુજરાતની ગ્રામ વિસ્તારની જે બહેનો વર્ષોથી ઘરની બહાર નહોતી નીકળી, ફિલ્મના રૂપેરી પડદાથી વંચિત હતી એમને સિનેમા સુધી લાવીને આ સંસ્કારયૂક્ત ફિલ્મો જોતી-સમજતી અને વિચારતી કરી. આ સંદર્ભે ખૂદ ઉપેન્દ્ર ત્રિવેદી કહે છે કે " જે ફિલ્મો મેં કરી તે માટે જ નિયતિએ મારી નિમણૂંક કરી હોય તેમ લાગે છે. મારા જીવનને અનુરૂપ જ હોય એ રીતનું શૌર્ય, એ રીતની ધીરજ, એ રીતની કુટુંબવત્સલતા, પ્રામાણિકતા, વફાદારી, સાહિત્યનું સેવન અને લોકહિત માટે જે કામો કરતો રહ્યો એ જ પ્રકારની ફિલ્મો મને મળી. મેં કદી આછકલાઈ કે અસંસ્કારીલાગે, ભાઈ બહેન સાથે બેસીને જોઈ ના શકે, મા — દીકરો સાથે બેસીને જોઈ ના શકે એવી અજુગતી ફિલ્મો કરી નથી. કોણ જાણે કેમ પણ ઈશ્વરે મને આવા બધાથી બચાવી લીધો છે. " આમ ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને સકારાત્મક દષ્ટિકોણ, પરિશ્રમ, વિનમ્રતાની સાથે વિશાળ વાંચન અને વિદ્વતા એમને ઉમદા માનવી પણ બનાવે છે. ગુજરાતી રંગભૂમિ અને ચિત્રભૂમિને અવિસ્મરણિય બનાવી રાષ્ટ્રીય ઓળખ આપનાર આ કલાકારનું વ્યક્તિત્વ હંમેશાં સંમોહક રહ્યું છે.

અભિનય અને જાહેર જીવન - રાજનીતિ

સંમોહક વ્યક્તિત્વ, લોક હદયમાં સન્માનનીય સ્થાન અને સદભાવનાને સમર્પિત હોવાને કારણે કોઈપણ રાજકીય પક્ષ ઈચ્છે જ કે ઉપેન્દ્ર ત્રિવેદી પોતાની સાથે હોય. અને આ કારણે જ તેમને ૧૯૮૪માં સૌ પ્રથમ સાબરકાંઠાના ભિલોડા મત વિસ્તારની ધારાસભાની ટિકિટ મળી અને ચૂંટણીમાં વિજેતા પણ થયા. એ સમયની સરકારે 'ફિલ્મ વિકાસ નિગમ' ની સ્થાપના કરીને ઉપેન્દ્ર ત્રિવેદીને એના ચેરમેન બનાવ્યા. અને પછી આરંભાઈ એમની પ્રજાકીય, સામાજિક સેવાયાત્રા, ઉપેન્દ્રભાઈ જેટલો સમય રાજકારણમાં રહ્યા એટલો સમય તેઓ પક્ષાપક્ષીથી દૂર રહ્યા છે. વિપક્ષો પણ તેમને માન સન્માન આપે, તેમના વિસ્તારોના કામોમાં સહકાર આપે, એમના લોકસંપર્કો, લોકપ્રશ્નો અને તેના ઉકેલો, ગ્રામ લોકોને આપેલી નવી સુવિધાઓ અને સતત મહેનત કરીને ગામડાઓનો કરેલો વિકાસ એમને મંત્રીપદ સુધી લઈ જાય છે." યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, અર્બન હાઉસિંગ અને પંચાયતો " વિભાગના તેઓ રાજ્યકક્ષાના મંત્રી પણ બને છે. તો વળી થોડો સમય 'માહિતી અને પ્રસારણ ' વિભાગ પણ સંભાળે છે. આ સમયે તેઓએ એક વાત પોતાના મનમાં નક્કી રાખેલી કે યોગ્ય વ્યક્તિ હોય એને યોગ્ય સમયે મદદ કરવી જ. અને આમ આખા ગુજરાતના અસંખ્ય કલાકારોને એમણે પોતાના ખિસ્સે પણ મદદ કરી છે. આવા પરોપકારી અને પારદર્શક સ્વભાવને કારણે તેઓને વિધાનસભાના ઉપાધ્યક્ષ પણ બનાવાય છે. તો વળી વિધાનસભાની ત્રણ ચૂંટણીઓ જીતી જનાર આ કલાકાર બે વખત વિધાનસભાની અને એક વખત લોકસભાની ચૂંટણી હારી પણ જાય છે. આમ છતાય એમના લોકસેવાના કાર્યો, રંગમંચ અને ફિલ્મનિર્માણ — અભિનયની કામગીરીમાં સહેજેય ઓટ નથી આવતી.



**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

રાજનીતિમાં શા માટે આવ્યા? એવા એક પ્રશ્નના જવાબમાં ઉપેન્દ્રભાઈએ કહેલું કે " મને સત્તાની કોઈ લાલસા નહોતી પણ ખરેખર જરૂરિયાતવાળા ગ્રામ વિસ્તારના અશિક્ષિત અને ગરીબ ખેડુતો, કારીગરો અને પછાત લોકોને માટે મારે કંઈક કરવું હતું તેથી રાજનીતિમાં આવી શક્ય એટલો પ્રયત્ન આવા કાર્યો પૂરા કરવા માટે કર્યો છે.

અભિનય અને એવોર્ડ્સ

અભિનય સાથે ઉપેન્દ્ર ત્રિવેદીને નાળ સંબંધ હતો. એમનું કર્મ અને ધર્મ પણ અભિનય. રંગમંચ અને ચિત્રમંચ સિવાય બીજું કશુય વિચાર્યુ જ નહોતું. અને આ કારણે એમને અનેક ઈનામો. સન્માનો, પારિતોષિકોથી નવાજવામાં આવ્યા હતા. વ્યક્તિગત સદગુણો — સ્વચ્છ પ્રતિભા અને કલાક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે કરેલ વિશિષ્ટ પ્રદાનને માટે એમને વર્ષ ૧૯૮૯માં તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી આર. વ્યંકટરામનના વરદ હસ્તે " પદ્મશ્રી " એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા. તો વળી રંગમંચલક્ષી કલાક્ષેત્રે ઉત્તમ કાર્ય કરવા બદલ રાજ્ય સરકારનો " પં. ઓમકારનાથ ઠાકુર એવોર્ડ " ૧૯૯૨ના વર્ષમાં મળે છે. અને ૪૧ માં રાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં 'માનવીની ભવાઈ' ફિલ્મના નિર્માણ અને દિગ્દર્શન માટે રજતકમળ એવોર્ડ તથા ૨૦૦૩માં ગુજરાત સરકાર દ્વારા અપાતો બહુ પ્રતિષ્ઠિત એવોર્ડ " ગૌરવ પુરસ્કાર", જીવનની ઉત્તમ સાધના માટે 'ટ્રાન્સ મિડિયા એવોર્ડ', વર્ષ-૨૦૦૪ માટે "લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ' અને આ જ વર્ષે ગુજરાતી ભાષામાં ફિલ્મક્ષેત્રે અદ્વિતીય સિદ્ધિ માટે મુંબઈ ફિલ્મસીટી ખાતે ફિલ્મી દુનિયાનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ " દાદા સાહેબ ફાળકે " એવોર્ડથી પણ એમને નવાજવામાં આવ્યા છે. તો વળી ગુજરાત રાજ્ય સરકારના સંગીત

**અનુસંધાન પાના નં. ૭ પર**

# માનસિક વિકાસ અને વૈચારિક સજ્જતા : સ્ટાર્ટ રીડિંગ...!!!

'શું વાંચો છો આજકાલ?' જો કોઈને આવો ગુગલી ફેંકો ને તો તરત જ ડીફેન્સીવ થઈને કહેશે.. 'હા, હા વાંચું છું ને?' '... અચ્છા, શું વાંચો છો?' '... રોજ છાપું નિયમિત વાંચું છું, એમ તો સલુનમાં જાવાનું થાય તો ત્યાં પડેલા એક-બે મહિના જુના મેગેજીનો પણ વાંચી જાઉં....' આ જવાબ મળે તો મળે નહિતર એમ પણ બોલે કે 'હોવ્વ, રોજ્જે ૮-૧૦ કલાક વોટ્સઅપ, ફેસબુક ને ટ્વીટર વાંચું છું ને' 'ધક્કો છે તારો જગતમાં' ...આવું પૂછનાર અચૂક મનમાં ભાંડવાનો! માર્ક ટ્વેઈનનું એક અદ્ભૂત ક્વોટ છે કે 'જે માણસ વાંચતો નથી એ જે વાંચી નથી શકતો એની સમકક્ષ જ છે '...નહિ સમજે? માર્ક્ભાઈનું કહેવું છે કે જે વાંચી શકતો નથી કે અભણ છે એનામાં અને જે વાંચી શકે છે છતાં વાંચતો નથી એ બંનેમાં ધેર ઈઝ નો ડીફરન્સ...! મતબલ કે પેલો ખરેખર અભણ અને આ ભણ્યા છતાં અભણ...! આયી બાત સમજ મેં...?

આજકાલમાં જ પુસ્તકમેળા અને લીટરેચર ફેસ્ટીવલ્સની મોસમ આવવામાં જ છે અને આવા મસમોટા મેળા અને ફેસ્ટીવલનો મૂળ મકસદ તો એક જ હોવાનો કે વધુ ને વધુ લોકો વાંચન કરતા થાય, પછી ચાહે એ સાહિત્ય હોય, કવિતા હોય, નવલિકા હોય કે પછી અન્ય કોઈ સાહિત્ય હોય, મૂળે વાંચતા થવા જોઈએ. આવા જ કોઈ એક પુસ્તકમેળામાં એક સુવાક્ય કે ટેગલાઈન જેવું વાંચેલું કે 'જે વાંચે છે એ વિકસે છે' ભલે પુસ્તકમેળામાં એવો કોઈ દમ નહોતો પણ અપુન કો યે ટેગલાઈન ભા ગઈ બીડું..! વાતમાં દમ તો છે જ વાંચન તમને વિકસાવે છે, તમારા વિચારોની ધાર કાઢે છે, તમારા આત્માને તૃપ્ત કરે છે, તમને વૈચારિક રીતે સમૃદ્ધ કરે છે. વૈચારિક સજ્જતા કેળવવામાં વાંચન મદદરૂપ થાય છે, તમારું વાંચન તમારા વિચારોમાં ઝળકે છે. ફ્રાંસ્વાસ મોરીઆકે કહેલું કે 'તમે શું વાંચો છો એ મને કહો અને તમે કહો છો તે હું કહી દઈશ'. વાંચવાથી આપણને જુદી જુદી પરીશથીતીઓ વિષે વિચારવાનો, એને મુલવવાના જુદા જુદા વિચારબિંદુઓ પ્રાપ્ત થાય છે. ભલેને કોઈ એક સ્થિતિ વિષે ક્યાંક વાંચેલું હોય, ભલેને એ સ્થિતિ કે મુશ્કેલીનો ઉકેલ કે હલ એ લખનારના દષ્ટિબિંદુ મુજબ હોય છતાં પણ જો બરાબર વાંચ્યું હોય અને પછી એને દિલમાં ઉતાર્યું હોય કે આપણી વિચાર પ્રક્રિયામાં સંઘરેલું હોય તો બની શકે કે એ લખનારના વિચારબિંદુમાંથી આપણને પણ કૈક હલ કે ઉકેલ મળી જાય. રાષ્ટ્રપિતા ગાંધીજીની જ વાત લઈ લ્યો ને, હેન્રી ડેવિડ થોરોના લખાણ વાંચીને જ તો ગાંધીજીને સવિનય કાનુંનભંગની પ્રેરણા મળેલી એ જ રીતે ભગવતગીતા અને બાઈબલ જેવા ગ્રંથોએ પણ એમના ઘડતરમાં અનેરો ભાગ ભજવેલો જ.

વાત વાંચવામાં જેટલી સીધી ને સાદી લાગે છે એટલી છે નહિ. પૂછો કયું? કારણ એટલું જ એક લીટીનું છે કે તમે શું વાંચો છો એના પર પણ આ હલ/ઉકેલ વાળું ફેક્ટર ડીપેન્ડ કરતું હોય છે. તમે હાર્ડકવર કે પેપરકવર બુક લઈને વાંચો કે પછી મોબાઈલ પર ઈ-બુક્સ વાંચો, સલુનમાં મેગેજીન વાંચો કે પછી બસમાં બાજુમાં બેઠેલા માણસે ફેલાવેલા ન્યૂઝપેપરમાં વંચાય એટલું વાંચો, ચાની કીટલીએ વાંચો કે પછી ટવીટરની કોઈ લીંક ઓપન કરીને વાંચો... કી ફર્ક પડતા હૈ? ફર્ક યે પડતા હૈ કી તમે જે વાંચો છો એમાં તમને રસ પડે છે કે પછી વાંચવા ખાતર ઉપરઉપરથી જ નજરું ફેરવી જાવ છો? હકીકતમાં તો તમે શું વાંચો છો એના કરતા શું નથી વાંચતા એ પણ એટલું જ અગત્યનું છે. હવે આ સાલ્લુ જરા અઘરું છે... મતલબ કે શું વાંચવું અને શું ન વાંચવું એ ડીસાઈડ કરવું એ મોસ્ટ ડીફીકલ્ટ છે. પ્લીઝ નોટ કે અહી વાત ફક્ત ને ફક્ત વાંચન અને વાંચનના રસિયાઓ વિષે થઈ રહી છે પણ આ યક્ષ પ્રશ્ન વાંચન શરુ કરનાર બીગીનર માટે પણ એટલો જ ઈમ્પોર્ટન્ટ છે.અને એટલું જ અગત્યનું છે એ નક્કી કરવું કે શું વાંચવું? કેટલું વાંચવું અને એમાંથી કેટલું ગ્રહણ કરવું એ તો હજુ પછીની વાત છે હો...!



**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**

જાણી જોઈને આજના આ સીલેબર્સમાં મેં વાંચવું એટલે માત્ર પુસ્તક જ વાંચવું એવો પહેલો પ્રશ્ન ફરજીયાત સામેલ નથી કર્યો, કેમકે આજના નેટિયા જમાનામાં હાથમાં પુસ્તક પકડીને વાંચતો મનુષ્યજીવ રેર થતો જાય છે ને આવું ને આવું ટેકનોલોજીનું આક્રમણ રહ્યું તો પ્રિન્ટેડ વાંચન તો એલબીડબ્લ્યુ થઈ જતા વાર નહિ લાગે. છતાં પણ હજુ સાવ એવી પરીશ્થીતી નથી આવી એટલે આપણે વાતને આગળ વધારીએ કે છાપામાં આવતા રૂટીન વાંચન સિવાયનું અઢળક લેખો, કટારો કે વાર્તાઓ, સોશિયલ મીડિયા પર આવતું અનાપ કે સનાપ બધું જ આપણી આંખની કીકીઓમાંથી પસાર થતું રહે છે.એકરીતે સારું પણ છે કે વાંચનના અનેકો સ્કોપ્સ અને ઓપ્શન્સ વધ્યા છે અને હરખાવું હોય તો એમ કહી શકાય કે ભલેને સોશિયલ મીડિયાના મેસેજો તો મેસેજો, વોલ પોસ્ટો તો વોલ પોસ્ટો અને આવા બીજા સોશિયલ મીડિયા સાહિત્ય વાંચતા તો થયા જ છે ને. પણ બંધુઓ આપણે બધા જ જાણીએ છીએ કે આ સ્ટેટસો, પોસ્ટો અને ટ્વીટસની આવરદા કેટલી? અને ખાસ તો આગળ લખ્યું એમ આત્માને તૃપ્ત કરવાની આ ત્રિપુટીની ત્રેવડ પણ કેટલી? હેસિયત કેટલી? એનો જવાબ એટલો જ કે બીજી પોસ્ટ, ટ્વીટ કે સ્ટેટ્સ મુકાય નહિ કે વાંચવામાં ના આવે એટલા પુરતી જ. જયારે સમૃદ્ધ અને તૃપ્ત કરનાર વાંચન તો એને જ ગણાય કે જેની અસર દિલો-દિમાગ અને શરીરની ધમની-શિરાઓમાં ક્યાય સુધી દોડતી રહે, જળવાતી રહે..!!

એવું હરગીઝ નથી કે જે વાંચતો નથી એ વિચારી નથી શકતો પણ હા એ ખરું છે કે જે વાંચે છે એની વિચારવાની ક્ષમતા થોડી વધુ તો છે જ. કેટલું અને કેવું વાંચવું એના જેટલું જ મહત્વનું છે એ વાંચનને સમજવું અને એની ઉપયોગીતા વિષે નક્કી કરવું. ઘણા એવા વાંચકો પણ હશે કે જેમણે જિંદગીભર વાંચ્યું હશે પણ કશું નક્કર વાંચન નહિ કર્યું હોય. આવું બને એનું કારણ એ કે એ વાંચક ઉમ્રભર નક્કી જ ન કરી શક્યો હોય કે શું? કેટલું ને કયું વાંચવું? કારણકે વાંચન અને ખાસ તો આગળ કહ્યું એમ તૃપ્ત કરતા વાંચન કરવાની ટેવ કેળવવી પડે, એ કાઈ આ હાથમાં બુક કે મેગેજીન પકડ્યું ને માંડ્યા પાનાં ફેરવવા એટલું સરળ કામ નથી. હા, એ ખરું કે સારું કે નરસું વાંચન ત્યારે જ જાણી શકાય કે એટલીસ્ટ એ માટે એકવાર તો એના પર નજર ફેરવી હોય. કહેવાય છે ને કે એક ખરાબ લખાણ તમને સારા લખાણ ની શોધ અને પછી એની કદર કરતા શીખવાડે છે. જો કે વાંચનની યોગ્ય પસંદગી અને એ વાંચનના પ્લસ-માઈનસને સમજવાની ક્ષમતા કેળવ્યા પછી તો વાંચનાર ખુદ જ નક્કી કરી શકે છે કે વોટ ટુ રીડ એન્ડ વોટ ટુ નોટ રીડ? ભોજન બાબતે કહેવાય છે ને કે ' પચે એટલું જ ખાવું 'બિલકુલ એવું જ વાંચનને પણ લાગુ પડે કે 'સમજાય કે સમજી શકાય એટલું જ વાંચવું '...ટપ્પા પડતા હોય નહિ છતાં પણ બસ વાંચવું જ છે

**અનુસંધાન પાના નં. ૭ પર**